# વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)
# શાળામાં રોગચાળા માટે EBT વિશે (P-EBT)

*શાળાકીય વર્ષ 2022-2023 માટે (જાન્યુઆરી 4, 2023)*

---

**પ્રશ્ન1: P-EBT શું છે?**

**A**: કોવિડ-19-સંબંધિત શાળા બંધ થવાથી અને શાળામાં ગેરહાજરીને કારણે પ્રભાવિત થયેલા કુટુંબોને મદદ કરવા માટે તે ફેડરલ સરકાર દ્વારા મંજૂર કરાયેલ અસ્થાયી ધોરણે મળતા ભોજનના લાભ છે.

---

**પ્રશ્ન2: P-EBT લાભો માટે કોણ પાત્ર છે?**

**A:** રાષ્ટ્રીય શાળા મધ્યાહન ભોજન કાર્યક્રમ હેઠળ સામાન્ય રીતે શાળામાં મફત અથવા ઓછા ભાવે ભોજન મેળવતા વિદ્યાર્થીઓ સાથે વર્મોન્ટના કુટુંબો(કૃપા કરીને આ શાળા વર્ષમાં સાર્વત્રિક શાળા ભોજન વિશે પ્રશ્ન3 પણ જુઓ). લાભો એક મહિના માટે ઉપલબ્ધ છે જો:

- તે મહિના દરમિયાન વિદ્યાર્થીની માફી અપાયેલી કોવિડ-સંબંધિત ગેરહાજરી હતી, **અને**
- વિદ્યાર્થીની શાળા P-EBT માટે "યોગ્યતા" ધરાવે છે. *P-EBT માટે શાળા કેવી રીતે પાત્ર બને છે તે જાણવા માટે રાજ્યની યોજના જુઓ: https://dcf.vermont.gov/esd/P-EBT.*

---

**પ્રશ્ન3: વર્મોન્ટમાં સાર્વત્રિક શાળા ભોજન વિશે શું? શું આ P-EBT યોગ્યતાને અસર કરે છે?**

**A:** વર્મોન્ટની વિધાનસભાએ કાયદો 151 (2022) પસાર કર્યો છે, જે વર્મોન્ટમાં તમામ જાહેર શાળાઓ અને કેટલીક આત્મનિર્ભર શાળાઓમાં સાર્વત્રિક શાળા ભોજન માટે રાજ્ય ભંડોળ પૂરું પાડે છે. આનો અર્થ એ થયો કે વર્મોન્ટની દરેક જાહેર શાળા અને કેટલીક આત્મનિર્ભર શાળાઓ રાષ્ટ્રીય શાળા મધ્યાહન ભોજન કાર્યક્રમમાં ભાગ લઈ રહી છે અને શાળા વર્ષ 2022-2023માં CEP અથવા જોગવાઈ 2નું સંચાલન કરી રહી છે. એકવાર દરેક શાળા પાત્ર થાય પછી (ઉપર પ્રશ્ન2 જુઓ), આ શાળાઓમાંના તમામ વિદ્યાર્થીઓ કે જેઓ કોવિડ-સંબંધિત કારણોસર શાળામાં હાજરી ચૂકી જાય છે તે ચૂકી ગયેલા દિવસો માટે P-EBT લાભ મેળવશે. રાષ્ટ્રીય શાળા મધ્યાહન ભોજન કાર્યક્રમમાં ભાગ લેતી આત્મનિર્ભર શાળાઓમાં અને શાળાના ભોજન માટે કુટુંબો પાસેથી શુલ્ક લેતી હોય, વિદ્યાર્થીઓને માત્ર ત્યારે જ લાભ મળશે જો તેઓ મફત અથવા ઓછા ભાવે ભોજન મેળવવા માટે પાત્ર હોય.

---

**પ્રશ્ન4: કોવિડ-સંબંધિત માફી અપાયેલી ગેરહાજરી માટે શું પાત્ર છે?**

**A:** કોવિડ-સંબંધિત ગેરહાજરીનો અર્થ એ છે કે નીચેનામાંથી કોઈપણ કારણોસર મહિના દરમિયાન શાળામાં માફી અપાયેલી ગેરહાજરી:

- કોવિડ-પોઝિટિવ અથવા અનુમાનિત COVID બીમારી,
- કોવિડ-પોઝિટિવ વ્યક્તિ સાથે સંપર્કમાં આવ્યાની ઓળખ,

- કોવિડના લક્ષણો કે જે કોવિડ માટે ક્વોરેન્ટાઇન અને/અથવા પરીક્ષણ કરવાની જરૂરિયાતનો સંકેત આપે છે, અથવા
- આયોજન વગરના વર્ગખંડ, ગ્રેડ અથવા શાળા બંધ હોવી, અથવા કોવિડ-સંબંધિત કારણોસર દૂરસ્થ શિક્ષણમાં રૂપાંતરણ, જેમાં પોઝિટિવ કેસ, કોવિડના પરિણામે સ્ટાફની અછત, સંપર્ક ટ્રેસિંગ હાથ ધરવાની જરૂરિયાત વગેરેનો સમાવેશ થાય છે.
- કોવિડ-સંબંધિત ગેરહાજરી વિશે વધુ વિગતવાર માહિતી માટે, કૃપા કરીને જુઓ https://education.vermont.gov/documents/definition-of-covid19-related-absences-for-purposes-of-issuing-pebt-benefits

---

## પ્રશ્ન5: અમારી શાળા બરફ પડવાના દિવસે અથવા ફાટેલી પાણીની પાઇપ અથવા હીટિંગ સિસ્ટમના તૂટવાના કારણે બંધ હતી. શું તે ચૂકી ગયેલા દિવસો માટે વિદ્યાર્થીઓને P-EBT માટે પાત્ર બનાવે છે?

**A:** ના, માત્ર કોવિડ-સંબંધિત કારણસર શાળા બંધ થવાનું જ પાત્ર ગણાય છે.

---

## પ્રશ્ન6. મારો ગૃહસ્થ પાત્ર છે કે કેમ તે હું કેવી રીતે જાણી શકું?

**A:** વર્મોન્ટ રાજ્ય દ્વારા પૂરા પાડવામાં આવેલ માપદંડોના આધારે તમારા વિદ્યાર્થીની શાળા નિર્ધારિત કરશે કે તમારો વિદ્યાર્થી પાત્ર છે કે નહીં. તેમની પાસે ફાઇલમાં આપેલી સાચી માહિતી છે તેની ખાતરી કરવા માટે શાળા તમારો સંપર્ક કરી શકે છે. કૃપા કરીને તેમની વિનંતીનો પ્રતિસાદ આપો. જો તમે પાત્ર છો, તો તમને ડિપાર્ટમેન્ટ ફોર ચિલ્ડ્રન એન્ડ ફેમિલીઝ (DCF) તરફથી એક પત્ર મળશે જે તમને કેવી રીતે અને ક્યારે લાભ પ્રાપ્ત થશે તે સમજાવે છે.

---

## પ્રશ્ન7: મને ગત શાળા વર્ષ દરમિયાન (2021-22)માં P-EBT કાર્ડ મળ્યું હતું, પરંતુ હવે તે પાસે નથી. શું તે એક સમસ્યા છે?

**A:** DCF તમને તેના બદલામાં બીજું કાર્ડ મોકલી શકે છે. એપ્રિલ 2023 માં બહાર પાડવામાં આવનાર લાભ સૂચના પત્રોમાં સૂચનાઓનો સમાવેશ કરવામાં આવશે. જો તમને નવું કાર્ડ મળે તો કૃપા કરીને તેને સાથે રાખો. તેમાં વધારાના લાભો ઉમેરવામાં આવી શકે છે કારણ કે આ શાળા વર્ષમાં ચૂકવણીના એક કરતાં વધુ તબક્કા હશે.

---

## પ્રશ્ન8: લાભો ક્યારે જારી કરવામાં આવશે?

**A:** સપ્ટેમ્બર 2022 થી જાન્યુઆરી 2023 *માટે લાભોનો પ્રથમ તબક્કો* એપ્રિલ 2023 માં જારી કરવામાં આવશે. *ફેબ્રુઆરી 2023 થી જૂન 2023* માટેના લાભો ઓગસ્ટ 2023 માં જારી કરવાની યોજના છે. વધુ ચોક્કસ માહિતી માટે કૃપા કરીને DCF વેબસાઇટ પર અપડેટ કરેલા વારંવાર પૂછાતા પ્રશ્નો માટે તપાસ કરવાનું ચાલુ રાખો: https://dcf.vermont.gov/esd/P-EBT. કૃપા કરીને નોંધ લેશો કે જો ફેડરલ કોવિડ-19 જાહેર આરોગ્ય કટોકટી શાળા વર્ષ દરમિયાન સમાપ્ત થાય તો ફેડરલ સરકાર આ શાળા વર્ષમાં P-

EBT લાભો સમાપ્ત કરશે. તે ઘટનામાં, આ વારંવાર પૂછાતા પ્રશ્નો છેલ્લા મહિનામાં નોંધવા માટે અપડેટ કરવામાં આવશે કે P-EBT ઉપલબ્ધ હશે.

---

## પ્રશ્ન9: P-EBT નો લાભ કેટલો છે?

**A:** P-EBT લાભ એ દરેક દિવસ માટે $8.18 છે કે જેમાં વિદ્યાર્થીની કોવિડ-સંબંધિત ગેરહાજરી માટે માફી આપવામાં આવી હતી.

---

## પ્રશ્ન10: ઘરમાં કેટલાં બાળકો હોય તેને ધ્યાનમાં લીધા વિના શું P-EBT લાભ સમાન છે?

**A:** માસિક લાભની રકમ દરેક વિદ્યાર્થી માટે તેમની પાસે દર મહિને કોવિડ-સંબંધિત ગેરહાજરી માફી આપવામાં આવેલા દિવસોની સંખ્યાના આધારે વ્યક્તિગત રાખવામાં આવે છે. કુટુંબોને દર મહિને દિવસોની સંખ્યાના આધારે વિવિધ લાભો પ્રાપ્ત થશે જે કુટુંબનું દરેક બાળક P-EBT માટે પાત્ર હતું.

---

## પ્રશ્ન11: મારા વિદ્યાર્થીની કસ્ટડી બે કુટુંબો વચ્ચે વહેંચાયેલી છે. લાભ કોને મળે છે?

**A:** વિદ્યાર્થીની શાળા દ્વારા "કુટુંબનાં વડા" તરીકે સૂચિબદ્ધ પુખ્ત વયના વ્યક્તિને લાભ મોકલવામાં આવશે. આ તે પુખ્ત વ્યક્તિ હોઈ શકે છે જેણે વિદ્યાર્થી માટે ફ્રી અને ઘટાડાની અરજી સબમિટ કરી હોય અથવા શાળાની સિસ્ટમમાં પ્રાથમિક સંપર્ક તરીકે સૂચિબદ્ધ પુખ્ત વ્યક્તિ હોઈ શકે છે. "કુટુંબના વડા" તરીકે કોને સૂચિબદ્ધ કરવું જોઈએ તેની પુષ્ટિ કરવા માટે શાળાઓ જાન્યુઆરીમાં કુટુંબોનો સંપર્ક કરી રહી છે. જો "કુટુંબના વડા" ને અપડેટ કરવાની જરૂર હોય તો કૃપા કરીને શાળાનો સંપર્ક કરો.

---

## પ્રશ્ન12: આ લાભ વડે હું શું ખરીદી શકું?

**A:** USDA વેબસાઇટ પર તમે તમારા P-EBT લાભ સાથે ખરીદી શકો છો તે ખાદ્ય વસ્તુઓજુઓ: [https://www.fns.usda.gov/snap/eligible-food-items](https://www.fns.usda.gov/snap/eligible-food-items).

---

## પ્રશ્ન13: હું મારા P-EBT કાર્ડનો ક્યાં ઉપયોગ કરી શકું?

**A:** તમે 3SquaresVTને સ્વીકારતા કોઈપણ સ્થાન પર યોગ્ય ખાદ્ય ચીજો ખરીદવા માટે તેનો ઉપયોગ કરી શકો છો. આમાં વર્મોન્ટમાં કરિયાણાની દુકાનો, સુપરમાર્કેટ, સુવિધા સ્ટોર્સ અને ઘણા ખેડૂતોના બજારોનો સમાવેશ થાય છે. DCFની વેબસાઇટ પર વધુ જાણો [https://dcf.vermont.gov/benefits/ebt](https://dcf.vermont.gov/benefits/ebt).

---

## પ્રશ્ન14: મારા બાળકો શાળામાં ભણતા નથી. શું મને આ લાભ મળે છે?

**A:** આ લાભ માત્ર એવા કુટુંબો માટે છે કે જેમના બાળકોને સામાન્ય રીતે રાષ્ટ્રીય શાળા મધ્યાહ્ન ભોજન કાર્યક્રમ દ્વારા શાળામાં મફત અથવા ઓછા ભાવનું ભોજન મળે છે અને હવે કોવિડ-સંબંધિત

ગેરહાજરીની માફીને કારણે તે ભોજન ઘરે જ લેવાની જરૂર છે અને પ્રશ્ન 16 માં સૂચિબદ્ધ જરૂરિયાતોને પૂરી કરતા ઘરે જ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પણ છે.

---

## પ્રશ્ન15: શું આ માત્ર સાર્વજનિક શાળાના બાળકો માટે છે?

**A:** ના. કેટલીક આત્મનિર્ભર શાળાઓ રાષ્ટ્રીય શાળા મધ્યાહન ભોજન કાર્યક્રમમાં ભાગ લે છે અને તે શાળાઓના બાળકો આ લાભ માટે પાત્ર હોઈ શકે છે. જો કે, ઘણી આત્મનિર્ભર શાળાઓ રાષ્ટ્રીય શાળા મધ્યાહન ભોજન કાર્યક્રમમાં ભાગ લેતી નથી, અને તેમના વિદ્યાર્થીઓ આ લાભ માટે પાત્ર નથી.

---

## પ્રશ્ન16: મારું બાળક આ વર્ષે ઘરે જ અભ્યાસ કરી રહ્યું છે. શું અમે લાભ માટે પાત્ર છીએ?

**A:** ફેડરલ સરકારના નવા માર્ગદર્શનના આધારે તમે આ શાળા વર્ષમાં P-EBT લાભ માટે પાત્ર બની શકો છો. નીચેના ઘરે જ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ વર્ષે P-EBT લાભ માટે પાત્ર હોઈ શકે છે:

- વિદ્યાર્થી શિક્ષણ એજન્સી દ્વારા શાળા વર્ષ 2022-2023 માં ઘરે અભ્યાસ કરવા માટે નોંધણી કરાવી છે
- વિદ્યાર્થીએ 27 જાન્યુઆરી, 2020 પછી ઘરે અભ્યાસ કરવામાં પ્રવેશ મેળવ્યો હતો (જાન્યુઆરી 27, 2020 પહેલાં ઘરે અભ્યાસ કરવા માટે નોંધણી કરાવેલા વિદ્યાર્થીઓ પાત્ર નથી)
- જો વિદ્યાર્થીએ અગાઉ વર્મોન્ટની શાળામાં રૂબરૂ હાજરી આપી ન હોય, કારણ કે તેઓ જાન્યુઆરી 2020 થી વર્મોન્ટમાં નવા છે અથવા બાળક આ શાળા વર્ષમાં કિન્ડરગાર્ટન, પ્રથમ કે બીજા ધોરણમાં છે, તો માતા-પિતા/વાલી એક પ્રમાણપત્ર પૂર્ણ કરે છે જે જણાવે છે કે તેમની કોવિડ વિશેની ચિંતાઓને કારણે બાળકને આ શાળા વર્ષમાં ઘરે જ અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

---

## પ્રશ્ન17: શું શિક્ષણની એન્જસી દ્વારા ઘરે અભ્યાસમાં નોંધાયેલા કુટુંબોએ આ શાળા વર્ષમાં તેને મેળવવા માટે P-EBT લાભો માટે અરજી કરવાની જરૂર છે?

**A:** ના. AOE અને DCF ઘરે અભ્યાસ માટે P-EBT લાભો જારી કરવા માટે ફાઇલ પર ઘરે અભ્યાસ માટે નોંધણીની માહિતીનો ઉપયોગ કરશે. વર્મોન્ટની તમામ સાર્વજનિક શાળાઓ જોગવાઈ 2 અને CEP દ્વારા મફત ભોજન ઓફર કરતી હોવાને કારણે, પ્રશ્ન 16 માં સૂચિબદ્ધ જરૂરીયાતોને પૂર્ણ કરતા તમામ ઘરે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેઓ મફત અને ઓછી કિંમતના શાળા ભોજન માટે પાત્ર છે તેવું દર્શાવ્યા વિના લાભ પ્રાપ્ત કરી શકશે. AOE સાથેની ફાઇલમાં નોંધણી અથવા સંપર્ક માહિતી વિશે કોઈ પ્રશ્નો હોય તો AOE ઘરે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના કુટુંબના સંપર્કમાં રહેશે અને કોવિડ વિશેની ચિંતાઓને કારણે આ વર્ષે તેમના બાળકને ઘરે જ અભ્યાસ કરી રહ્યા છે તેની પુષ્ટિ કરવા માટે જે કુટુંબોને તેમને પૂર્ણ કરવાની જરૂર છે તેમના માટે પ્રમાણપત્રો પૂર્ણ કરવા માટે પણ AOE સંપર્કમાં રહેશે.

---

**પ્રશ્ન18: ઘરે અભ્યાસ માટે P-EBT લાભ કેટલો છે?**
**A:** જ્યારે વિદ્યાર્થી AOE મારફત ઘરે અભ્યાસ માટે નોંધણી કરાવેલ હોય ત્યારે સપ્ટેમ્બરથી જૂન દર મહિના દરમિયાન ઘરે અભ્યાસના લાભ $143.15 પ્રતિ મહિને મળે છે. કૃપા કરીને નોંધ લેશો કે જો ફેડરલ કોવિડ-19 જાહેર આરોગ્ય કટોકટી શાળા વર્ષ દરમિયાન સમાપ્ત થાય તો ફેડરલ સરકાર આ શાળા વર્ષમાં P-EBT લાભો સમાપ્ત કરશે. તે ઘટનામાં, આ વારંવાર પૂછાતા પ્રશ્નો છેલ્લા મહિનામાં નોંધવા માટે અપડેટ કરવામાં આવશે કે P-EBT ઉપલબ્ધ હશે.

---

**પ્રશ્ન19: ઘરે અભ્યાસ સંબંધિત P-EBT લાભ ક્યારે જારી કરવામાં આવશે?**
**A:** ઘરે અભ્યાસના લાભો મે 2023માં એક વખતમાં જારી કરવામાં આવશે અને તેમાં સપ્ટેમ્બરથી જૂન સુધીના લાભોનો સમાવેશ થશે, સિવાય કે ફેડરલ જાહેર આરોગ્ય કટોકટી જૂન પહેલાં સમાપ્ત થાય. તે ઘટનામાં, આ વારંવાર પૂછાતા પ્રશ્નો છેલ્લા મહિનામાં નોંધવા માટે અપડેટ કરવામાં આવશે કે આ શાળા વર્ષ માટે P-EBT ઉપલબ્ધ હશે.

---

**પ્રશ્ન20: જ્યારે શાળા બંધ હોય અથવા મારું બાળક ગેરહાજર હોય, ત્યારે અમે ત્યાં અપાતું ભોજન લઈએ જઈએ છીએ અથવા શાળાએ ઘરે ભોજન મોકલ્યું છે. જો મને P-EBT લાભ મળે તો શું મારે તેમ કરવાનું બંધ કરવું પડશે? શું તે અમને લાભમાંથી પાત્ર ના હોવાનું ઠેરવે છે?**
**A:** ના. દૂરસ્થ શિક્ષણના દિવસો માટે ભોજન મેળવતા વિદ્યાર્થીઓ હજુ પણ P-EBT લાભ માટે પાત્ર છે. તમે હજુ પણ તે ભોજન મેળવી શકો છો અને આ લાભ માટે પાત્ર બની શકો છો.

---

**પ્રશ્ન21: મારી પાસે અન્ય બાળકો છે જે શાળા અથવા ઘરે અભ્યાસ માટે નોંધણી કરાવી નથી. શું તેઓ લાભ માટે પાત્ર છે?**
**A:** ના. આ લાભ માત્ર એવા બાળકો માટે જ ઉપલબ્ધ છે કે જેઓ સામાન્ય રીતે રાષ્ટ્રીય શાળા મધ્યાહન ભોજન કાર્યક્રમમાં ભાગ લેતી શાળામાં નોંધાયેલા હોય અથવા AOE દ્વારા ઘરે અભ્યાસ કરવા માટે નોંધણી કરેલી હોય તેવા પાત્ર વિદ્યાર્થીઓ કે જેઓ પ્રશ્ન 16 માં માપદંડોને પૂર્ણ કરે છે.

---

**પ્રશ્ન22: મારા બાળકો આત્મનિર્ભર શાળામાં જાય છે જે રાષ્ટ્રીય શાળા મધ્યાહન ભોજન કાર્યક્રમમાં ભાગ લે છે. મારા બાળકો પહેલા મફત અથવા ઓછા કિંમતે મળતા ભોજન માટે પાત્ર નહોતા, પરંતુ અમારી પરિસ્થિતિ હવે બદલાઈ ગઈ છે. શું હું P-EBT મેળવી શકું?**
**A:** જો તમારી નાણાકીય પરિસ્થિતિ બદલાઈ ગઈ હોય, તો અમે તમને અરજી કરવા પ્રોત્સાહિત કરીએ છીએ:

- **3SquaresVT** - જો તમને માસિક લાભ મળે છે, તમારું બાળક શાળામાં મફત ભોજન માટે પાત્ર ગણાય છે અને P-EBT લાભ મેળવી શકે છે. https://dcf.vermont.gov/benefits/3SquaresVT પર DCF વેબસાઇટ પર કેવી રીતે અરજી કરવી તે જાણો.

- **મફત અથવા ઓછી કિંમતે ભોજન** – અરજી ફોર્મ મેળવો  તમારા બાળકની શાળા અથવા શિક્ષણ એજન્સીની વેબસાઇટ પર: https://education.vermont.gov/. તમારી શાળામાં સબમિટ કરેલી મંજૂર અરજીઓ સપ્ટેમ્બર 2022 સુધીના લાભો માટે તમારા કુટુંબને પાત્ર બનાવી શકે છે.

---

## પ્રશ્ન23: જો મને આ લાભ ન જોઈતો હોય તો શું?

**A:** સહભાગિતા સ્વૈચ્છિક છે. જો તમે ભાગ ન લેવાનું પસંદ કરો છો, તો ક્યાં તો:

- તમારા 3SquaresVT EBT કાર્ડ પર જારી કરાયેલા વધારાના લાભોનો ઉપયોગ કરશો નહીં.*OR*
- મેગ્નેટિક સ્ટ્રીપને કાપીને અને કાર્ડને સુરક્ષિત રીતે કાઢીને તમારા ખાસ જારી કરાયેલ P-EBT કાર્ડનો નિકાલ કરો. તમે તમારું કાર્ડ બીજા કોઈને આપી શકતા નથી.

---

## પ્રશ્ન24: શું P-EBT લાભોનો ઉપયોગ કરવામાં ન આવે તો તે સમાપ્ત થઈ જશે?

**A:** હા. જો કાર્ડનો ઉપયોગ 274 દિવસની અંદર કરવામાં ન આવે તો P-EBT લાભો સમાપ્ત થાય છે.

---

## પ્રશ્ન25: મારી પાસે વધુ પ્રશ્નો છે.  હું વધુ જાણકારી ક્યાંથી મેળવી શકું?

**A:** https://dcf.vermont.gov/esd/P-EBT  પર જાઓ અથવા વધુ માહિતી માટે 1-800-479-6151, વિકલ્પ 7 પર કૉલ કરો. જો તમને મફત અને ઓછી કિંમતે ભોજન માટે તમારા વિદ્યાર્થીની યોગ્યતા વિશે વિશેષ ચિંતા હોય અથવા તમે કુટુંબના વડા અથવા મેઇલિંગ સરનામું બદલવા માંગતા હો જેનો ઉપયોગ કાર્ડ જારી કરવા માટે કરવામાં આવશે તો કૃપા કરીને તમારા વિદ્યાર્થીની શાળાનો સંપર્ક કરો.